# વેબ એનાલિસ્ટ (વેબ વિશ્લેષક)

વેબ એનાલિસ્ટ વેબસાઈટ પર વપરાશકર્તાની પ્રવૃત્તિઓને ટ્રેક કરીને અને તેનું વિશ્લેષણ કરીને વેબસાઈટ કેટલો ટ્રાફિક મેળવે છે તે નિર્ધારિત કરે છે. તેઓ વેબસાઈટ પર મુલાકાતીઓની સંખ્યા અને કેટલા વેબ પેજ જોવામાં આવ્યા (પેજ વ્યુ) તેની સંખ્યા વિશેની માહિતી એકત્રિત કરે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે કમ્પ્યુટર પર કામ કરવામાં કુશળ છો
- તમે સંખ્યા/આંકડાઓ સાથે સારી રીતે કામ કરી શકો છો
- તમે સમસ્યાઓ/પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરવાનું પસંદ કરો છો
- તમે કામ કરતી વખતે વિગતો પર ધ્યાન આપો છો



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૪૫,૦૦૦ થી ૧૦,૦૦,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃતિ

- એન્જિનિયરીંગ માટેની વિશિષ્ટ શિષ્યવૃત્તિ - તમે એન્જિનિયરીંગ માટેની વિશિષ્ટ શિષ્યવૃત્તિ પસંદ કરી શકો છો જેમ કે ઈન્ડસઈન્ડ ફાઉન્ડેશન શિષ્યવૃત્તિ, બાબા ગુરબચન સિંઘ શિષ્યવૃત્તિ યોજના, સેમસંગ સ્ટાર સ્કોલર પ્રોગ્રામ ૨૦૨૨, શિષ્યવૃત્તિ માટેની કેન્દ્રીય ક્ષેત્ર યોજના, જે.એસ.પી.એન. શિષ્યવૃત્તિ ૨૦૨૨ વગેરે.
- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વિજ્ઞાન પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો. (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ગણિત)

૨. કમ્પ્યુટર સાયન્સ /ઈન્ફોર્મેશન સિસ્ટમમાં સ્નાતક (B.Tech/BE/BSc/BCA)ની ડિગ્રી મેળવો.

**અથવા**

સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, સમાન ક્ષેત્રમાં અનુસ્નાતક (M.Tech/ME/MSc/MCA)ની ડિગ્રી પ્રાપ્ત કરો.

**અથવા**

ઈન્ફોર્મેશન સિસ્ટમમાં ડિપ્લોમા કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

વેબ એનાલિસ્ટનું અંદાજીત માસિક વેતન
**રૂ. ૧૬,૫૦૦ થી ૭૫,૦૦૦*** જેટલું હોય છે.

સ્રોત: https://www.payscale.com/research/IN/Job=Web_Analyst/Salary

NCS Code: NA, CCode: NA

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** તમે સક્રિય રીતે ઓનલાઈન ઉપલબ્ધ હોય અને વધુમાં વધુ લોકો સુધી પહોંચવા ઈચ્છુક હોય તેવી કોઈપણ કંપની અથવા વ્યવસાય સાથે કામ કરી શકો છો. જેમ કે સ્ટાર્ટઅપ્સ, શૈક્ષણિક સંસ્થાઓ વગેરે.

**કાર્યસ્થળનું વાતાવરણ:** કામકાજનો સમય સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ પ્રતિ દિવસ ૮ થી ૯ કલાકનો હોય છે. શિફ્ટ પ્રથા ઉપલબ્ધ હોય છે.

**ઉદ્યોગ સાહસિકતા:** આ ક્ષેત્રમાં તમે તમારી પોતાની કંપની શરૂ કરી શકો છો અથવા ફ્રીલાન્સિંગ સેવાઓ પણ આપી શકો છો.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

જુનિયર વેબ વિશ્લેષક → સિનિયર વેબ વિશ્લેષક

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

વેબ એનાલિસ્ટ, વેબ સાયન્ટિસ્ટ, વેબ આર્કિટેક્ટ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ કમ્પ્યુટર સાયન્સ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. આઈ.આઈ.ટી., ગાંધીનગર
૨. અય્યા નાદર જાનકી અમ્મલ કોલેજ, તમિલનાડુ
૩. આત્મારામ સનાતન ધર્મ કોલેજ, નવી દિલ્હી
૪. આસુતોષ કોલેજ, કોલકાતા
૫. ભાસ્કરાચાર્ય કોલેજ ઓફ એપ્લાઇડ સાયન્સ, નવી દિલ્હી
૬. કોલેજ ઓફ એપ્લાઇડ સાયન્સ (આઈ.એચ.આર.ડી.), કેરળ
૭. ગવર્મેન્ટ એન્જિનિયરીંગ કોલેજ, ભરૂચ
૮. ગવર્મેન્ટ એન્જિનિયરીંગ કૉલેજ, રાજકોટ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. ચારૂસત, આણંદ
૨. એ.ડી. પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલોજી, ગુજરાત
૩. ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ, ચેન્નાઈ
૪. પીડીઈયુ, ગાંધીનગર
૫. આચાર્ય પ્રફુલ્લ ચંદ્ર કોલેજ, કોલકાતા
૬. બેંગલોર સિટી કોલેજ, બેંગલુરૂ
૭. બાપટલા એન્જિનિયરીંગ કોલેજ, આંધ્રપ્રદેશ
૮. એલ.ડી. એન્જિનિયરીંગ કૉલેજ, અમદાવાદ

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.skillindiadigital.gov.in
- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in

મને સ્કેન કરો

વેબસાઇટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**નિખલેશ પટેલ** આઈ મિડિયા ડિઝાઈનમાં વરિષ્ઠ વેબ એનાલિસ્ટ છે. તેમણે બી.એમ.એસ. ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલોજી એન્ડ મેનેજમેન્ટમાંથી કમ્પ્યુટર સાયન્સમાં બી.ટેકની પદવી હાંસલ કરેલ છે, ત્યારબાદ તેમણે કોનકોર્ડિયા યુનિવર્સિટીમાંથી સોફ્ટવેર એન્જિનિયરીંગમાં માસ્ટર્સ ઈન એપ્લાઇડ સાયન્સની પદવી પ્રાપ્ત કરી. તે એલ.એ.એમ.પી./ડબલ્યુ.એ.એમ.પી. પર્યાવરણ પર કસ્ટમ વેબ એપ્લિકેશન તૈયાર કરવા અને મોબાઈલ વેબ સેવાઓ માટે એ.પી.આઈ. ડિઝાઈન કરવા માટે જવાબદાર છે.*

સ્ત્રોત: https://userpeek.com/blog/web-analysts-you-should-follow/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.